મહારાજ તો સંથારો-અણુસણુ કરવાના છે અને આચાર્ય મહારાજ ને કહે કે શ્રાવકો કહે છે કે આચાર્ય મહારાજ એકના એક સ્થળે બિરાજ્યા છે ક્યાંઈ વિહાર પણ કરતા નથી. ક્યાં સુધી અમે આહાર પાણી આપીએ.

નારદ કળાથી બન્ને બાજૂ વિદ્રોહ કર્યો. શ્રાવકો એક દિવસ આચાર્ય મહારાજ ને વિનંતિ કરે છે કે આપની સંઘને આવશ્યકતા છે.

ગુરૂ મહારાજ મનમાં સમજી ગયા અને તે દિવસથી સંથારો કર્યો, શિષ્ય ઘણા દુખો પામી કાળધર્મ પામ્યો.

### નં. ૮ ગુરૂ દ્રોહી શિષ્યની ગતિ

જઈ નરકમાં ઉપન્યો. અસલ નરકની માર,
પટકી શૂલિ પોરવી, વિંધ્યો આરો પાર.
ફર ફર તેને ફેરવ્યો, પટકે પાછો માંય,
રીબાવી ઘણો મારતા, કોને શરણે જાય,

ગુરૂનો દ્રોહ કરનાર શિષ્ય આ ભવ અને પર ભવ બન્ને ભવોમાં અપયશનો ભાગીદાર થાય છે. અને કુકર્મો નરકાદિકનાં દુ:ખો અનુભવે છે.

મહાભયંકર યમદૂતો વડે મુદ્દગર દ્વારા તાડન કરાતા તે નારક-જીવો મુખથી લોહીને વમે છે એટલું જ નહિ બલ્કે યમદૂતો ફરીથી વમેલા તે લોહીને પણ તેને પીવડાવે છે.

-શ્રી ગરૂડ પુરાણ

卐

…યાળી સ્ત્રી અને ત્રાસ આપનાર સાસુ તથા પતિની ગતિ.



## નં. ૧૦ ઝઘડા ખોર નારી

નિર્લજ નારી ધર્મહીન; કજીયા કરે અપાર,
લડતી પીયર સાસરે, કરતી ક્લેશ અપાર,
નણંદ ભાભી પર ઘણા; મુકે ખોટા આળ,
વાત વાતમાં ઝઘડતી, રચતી નુતન જાળ;

નિર્લજ થઈને કજીઆળી સ્ત્રીઓ આડોશી પાડોશી તથા પોતાના સંબંધીયોની સાથે રાત દિવસ ઝઘડા કરે તેમને ક્યારેય શાન્તિ મળતી નથી. ક્રોધના આવેશમાં વડીલોની પણ મર્યાદા રહેતી નથી અને મોઢામાંથી જેમ આવે તેમ બોલ્યા કરે છે.

કોહ પઈઠ્ઠો દેહ ઘર, તિણ્હ વિકાર કરેહ.
આપ તપે પર તપે, ધનની હાણી કરેહ

જ્યારે આત્મામાં ક્રોધરૂપી ચાંડાલ પ્રવેશ કરે છે. ત્યારે ત્રણ પ્રકારના વિકારો ઉત્પન્ન થાય છે. પોતે તપે બીજાને તપાવે અને કોર્ટમાં જાય ત્યારે ધનનો વ્યય થાય. માટે આત્મામાં ક્રોધની પરણુતિ આવવા દેવી નહી.

અકારણાદાવિષ્કૃત વરદારૂણાદસજ્જનાત્ કસ્ય ભયં ન જાયતે" પણ જે ઝઘડુ અજ્ઞાની હોય તે તો વગર કારણે જ ઝઘડો કરી બેશે છે. આવા અસજ્જનોથી સર્વે ભય પામે છે.

ઝઘડું રાત દિવસ આર્ત રૌદ્રાદિ ધ્યાનોથી પોતાના આત્માને ક્લેશિત કરે છે. અને તેને ક્યારે પણ શાન્તિ મળતી નથી.

# ઝઘડુ રાણી

કપુર રાજાની રાણીને દરરોજ ઝઘડો કરવાની આદત. ઘરના માણસો તથા રાજા બધા પરિજન આદી હેરાન થઈ ગયા ત્યારે રાજાએ પોતાના સારા નગરમાં વારો બાંધ્યો પ્રતિદિન એક ઘેર રાણીને ઝઘડો કરવાનું રાખ્યું.

હવે સવાર થાયને રાણી ઝઘડવા જાય. નગરના માણસો પણ હેરાન થઇ ગયા પણ કરે શું? રાજા આગળ કોનું જોર ચાલે.

આજે એક ડોસીને ત્યાં વારો હતો. ડોસી અને વહુ બે જણાં ઘરમાં હતાં. ડોસીયે વહુને કહ્યું કે આજે રાણીને ઝઘડવાનો વારો આપણે ઘેર છે. માટે આપણે બધા મૌન થઇને બેસી જવું.

રાણી આવ્યાં. બાઝવા માંડયાં અને ઝઘડો કરી ચાલ્યાં ગયાં. આવી રીતે રાણીની જીન્દગી બાઝતાં ગઈ અને દુર્ધ્યાનથી દુર્ગતિ પામ્યાં.

## નં. ૧૦ ઝઘડુ નારીની ગતિ

જઈ નરકમાં ઉપની, શીત ભૂમિની માંય,
પરિત બરફ પડે ઘણો પડી-પડી રીબાય;
ચીરાઓ પડયા અંગમાં, વહ્યા રક્ત અપાર;
સહન કરે રડતી કહે; પાપ ન કરીશ લગાર;

કોઇ સ્થળે નરકમાં પાપી નારકી-જીવને સિંહ-વાઘ અને ભયંકર કુતરાઓ ખાય છે. કોઇ સ્થળે વીંછીઓ ડંખ દે છે, ક્યાંક અગ્નિ બાળે છે. શ્રી ગરૂડપુરાણ



## નં ૧૧ દુખ આપનાર સાસુ પતિ

મા પુત્ર ભેગા થઈ, દુખ દેતાં દિન રાત.
પાદ પ્રહારો મારતાં, ઉપર કરતા ઘાત.
ગુસ્સા થકી તેલ નાંખતાં, તેમાં મુકતાં આગ.
સ્ત્રી હત્યાના પાપમાં, પડયા સમ્બન્ધી અથાગ.

ઈર્ષાના આવેશમાં માણસ પોતાનું ભાન ભુલી જાય છે અને અન્યનો ઘાત ઇચ્છે છે, આધુનિક જમાનામાં એવી ઘણી ઘટનાઓ બને છે કે સાસુ ઝઘડેલ હોય ત્યારે પોતાના દીકરાને ઊંધી પાટી ભણાવીને વહુથી વિરક્ત કરી દે છે. આપણા દેશનો એક દાખલો છે.

### શાન્તા બ્હેનનો સપાટો

નામ તો શાન્તા બ્હેન પણ સારા નગરમાં અશાન્તિ ફેલાવી દે તેવાં. એક દીકરો અને તેનુ નામ પોપટ.

દીકરાના લગ્ન કર્યાં. વહુ પણ ભાગ્યે સારી સમજદાર અને વિનયવાન મળી. શાન્તા બ્હેનને ઘણો સન્તોષ થયો કે આવી રૂપાળી મ્હારા પોપટને વહુ મળી.

પણ શાન્તા બ્હેન તો વહુ ક્યાંય જાય તો શંકા કરે, કોઈની વાત કરે તો શંકા કરે. હવે તો મંડયા બાઝવા. આખો દિવસ બાઝયા જ કરે.

સુધરી કેમ બને સારી, જેની પડી પ્રકૃતિ નઠારી.

પોતાની પ્રકૃતિ જ્ઞાનીજનો સુધારી શકે છે પણ અજ્ઞાનીતો પ્રતિ દિવસ વધતા જાય છે. સાંજ થઇ પોપટ ઘેર આવ્યો ને શાન્તાબ્હેને દીકરાને સંભળાવ્યું.

માતા આવીને દીકરાને કહેરે લો.
વહુ કરે છે, આપણા ઘરની વાતજો,
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાંરે લો,

દીકરો પણ રોજની રામાયણ સાંભળી કંટાળી ગ
એક દિવસ બન્નેએ મળી વહુ ઉપર ઘાસલેટ રેડી
આગ લગાડી દીધી.

વહુએ બુમ પાડી. પણ થોડી જ વારમાં વ
પ્રાણ પંખેરૂ ઉડી ગયા. સાસુ અને દીકરો વગર વ
આ સંસારમાં ઘણી વિડંબના સહન કરી રૌદ્ર ધ્યાન
પરણુતિમાં નરકે ગયાં.

## નં ૧૨ દુઃખ આપનારની ગતિ

જઈ નરકે પડ્યા ઘણા; ઉપર વરસી આગ.
સહન કરતાં ત્રાસથી, ચેતન હવે તો જાગ.
રીબાણા દિન રાત ઘણા, બળ્યાં અંગે અંગ.
રાડો પાડી આકરી; સહ્યા ઘણેરા જંગ.

નરકમાં ઉપરથી આગનો વર્ષાદ વર્ષે છે. હું બળું
બળું છું. અરે મને કોઈ છોડાવો, મ્હારા ઉપર પા
રેડો. મ્હારા આખા શરીરમાં આગ લાગી છે, આવી રી
બુમો પાડે છે પણ—

કૃત કર્મક્ષયો નાસ્તિ, કલ્પકોટિઃ શતૈરપિ.
અવશ્યમેવ ભોક્તવ્યં, કૃતઃ કર્મશુભાશુભમ્.

કરેલા કર્મો ભોગવ્યા સિવાય છુટકો નથી.
નરકાવાસમાં મા કે દીકરો કોઈ છોડાવી શકે તેમ ન

તીર્થંકર ચક્રવર્તી અથવા અન્ય કોઈને પણ કર્મરા
છોડતો નથી માટે આપણે કોઈને તકલીફ આપવી ન
સંસારના સર્વ જીવો જીવવા ઇચ્છે છે.

વહુને સંતાપતી સાસુની તથા કુલટાનારની ગતિ.



# નં. ૧૩ વહુને સંતાપતી સાસુ

વહુને સાસુ સંતાપતી; પુત્ર વધુનો જીવ.
ભાઈ ભાંડુને ભાંડતી, અહનીશ કરતી રીવ.
ઊપર મેણાં મારતી કરતી પાડુ પીડ.
ડશી ડશીને દાંતથી, ભાંગે તનની રીડ.

વાત વાતમાં બાઝવું અને વહુને ત્રાસ આપવો. એ અધિકતર બ્હેનોનો કાર્યક્રમ હોય છે. વહુ કામ કરે તો પણ સાસુ ને રૂચે નહી. ગાળો આપવી. ખોટું બોલવું અને જુઠાં આળ આપવાં.

ગંગા બ્હેન

નામ તો ગંગા બ્હેન પણ સવારમાં કોઇ મોઢું [illegible] તે તો રોટલા પણ ન મળે. તેમની વહુનું નામ કરુણા, કરુણા ગરીબ મા બાપની દીકરી, સાસુ બાઝે ગાળો આપે, ક્યારે મારે પણ તે બધું વહુ સહન કરે.

ઘરનો કંકાસ વધતો ગયો, ઘર અશાન્તિનું સ્થાન બન્યું. ક્યારેક વહુ બોલે ત્યારે તો મહાભારત થઇ જાય. બધાના માટે ખાવું પીવું પણ બંધ થાય.

ગુરૂમહારાજ આવ્યા. કરૂણા વ્યાખ્યાન સાંભળવા ગઈ. શાન્તરસનું વ્યાખ્યાન સાંભળી કરૂણા કરૂણામાં ન્હાઈ ગઈ.

ગુરૂદેવ! મ્હારે ઘેર મ્હારી સાસુ રાત દિવસ બાઝયા કરે છે. માટે શાન્તિનો માર્ગ બતાવો, જેથી આર્તધ્યાન મટે. કરૂણા! એક સોપારી હું તેને મંત્રી આપુ છું જ્યારે સાસુ